65663211

ખરીદનીતિ અંતર્ગત રાજયનાં MSE **(MICRO, SMALL ENTERPRISE)**ને ભાવ પસંદગી **(PRICE PREFERENCE)**લાભ આપવા અંગે

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃએસપીઓ-૧૦૨૦૦૮-૭૯૪-ચ,
સચિવાલય, ગાંધીનગર
તા૦૨-૦૯-૨૦૧૫

સંદર્ભઃ- (૧) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓઃ- ૧૦૯૫-૨૬૩૬-(૯૭)-ચ,તા.૨૩-૦૯-૧૯૯૭.

(૨) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓ-૧૦૯૫-૨૬૩૬-(૧)-૯૭-ચ,તા.૧૯-૧૨-૧૯૯૭.

પરિપત્રઃ-

આમુખ-૧ માં દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા.૨૩-૦૯-૧૯૯૭નાં ઠરાવથી પ્રસિધ્ધ કરાએલ ખરીદનીતિ હાલમાં અમલમાં છે.આ ખરીદનીતિ અનુસાર ગુજરાત રાજયનાં અતિ નાના (સુક્ષ્મ), લઘુ તથા કુટિર ઔધોગિક એકમોને ૧૦ ટકા ભાવ પસંદગી આપવા પાત્ર છે. રાજયના લઘુ, કુટિર અને અતિ નાના (સુક્ષ્મ) એકમોને ભાવ પસંદગી આપવા માટેની ગણતરી જુદી જુદી કચેરીઓ દ્વારા જુદી જુદી પધ્ધતિથી કરવામાં આવે છે. જેના કારણોસર બીડર પેઢીઓ દ્વારા તથા અન્ય કચેરીઓ દ્વારા અત્રેની કચેરીને રજૂઆતો કરવામાં આવે છે. રાજય સરકારશ્રીના વિભાગો/ખાતાઓ/કચેરીઓ/બોર્ડ/નિગમ વગેરે દ્વારા કરવામાં આવતી ખરીદીમાં રાજય સરકારશ્રીની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઇઓ અને સૂચનાઓનું ચૂસ્તપણે અમલ કરવામાં આવે તે બાબતે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

સરકારશ્રીની પ્રર્વતમાનખરીદનીતિ અનુસાર ટેન્ડર હેઠળની વસ્તુમાં કુટિર, અતિ નાના (સુક્ષ્મ) અને લઘુઉદ્યોગ એકમોને (The Micro,Small and Medium Enterprises Development Act (MSMED Act) હેઠળ માઇક્રો અથવા સ્મોલ કેટેટરીમાં MSME PART-2 એકનોલોજમેન્ટ રજૂ કરેલ હોય તેવા એકમો) રાજયના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજયનાં અતિ નાના (સુક્ષ્મ), કુટિર, લઘુ, મધ્યમ તથા મોટા એકમો સામે ભાવ પસંદગી આપવા માટે નીચે મુજબનું સમીકરણ ધ્યાને લેવાનું રહેશે.

"X" = અન્ય રાજયનાં કે રાજયનાં મધ્યમ અથવા મોટા એકમ દ્વારા ઓફર કરેલ ભાવ.

"Y" = રાજયના માઇક્રો, કુટીર અથવા લઘુ એકમ દ્વારા ઓફર કરેલ ભાવ.

"X"+10 % =Z પ્રમાણે ગણતરી કરતા "Z "ની સરખામણી "Y "સાથે કરતા જેના ભાવ ઓછા હોય તેને L1 ગણી પરચેઝ ઓર્ડર આપવાનો થાય.

દા. ત. - અન્ય રાજયનાં કે રાજયનાં મધ્યમ અથવા મોટા એકમ દ્વારા રૂ. ૧૦૦/- પ્રતિ નંગ/આઇટમના ભાવની L-1ઓફર કરવામાં આવેલ હોય અને રાજયના માઇક્રો, કુટીર અથવા લઘુ એકમ દ્વારા રૂ. ૧૦૯/- પ્રતિ નંગ/આઇટમની ઓફર કરેલ હોય તો, રાજયના માઇક્રો, અથવા સ્મોલ એકમને ભાવ પસંદગી આપવા ઉપર મુજબ "Z =રૂ.૧૧૦/- અને "Y" = રૂ.૧૦૯/- ની સરખામણી કરતા રાજયના માઇક્રો અથવા સ્મોલ એકમના ભાવને એટલે કે રૂ.૧૦૯/- પ્રતિ નંગ/આઇટમના ભાવે સપ્લાય ઓર્ડર આપવાનો થાય.

<u>ગુણવત્તા આધારિત ભાવ પસંદગી:</u>

ગુજરાત રાજયનાં માઇક્રો,કુટીર અથવા લઘુ ઔધોગિક એકમ **MSME PART-2** એકનોલોજમેન્ટ મેળવેલ હોય તેવા ઓધૌગિક એકમો આઇ.એસ.આઇ /બી.આઇ.એસ/એગમાર્ક /કવોલીટી માર્ક અથવા તો માલસામાનની ગુણવત્તાનું ધોરણ જાળવી રાખવા માટે કેન્દ્ર કે રાજય સરકાર તરફથી અથવા તો તેમના તરફથી માન્ય કરવામાં આવેલ સંસ્થાઓ તરફથી આવા કોઇપણ પ્રકારના આપવામાં આવતા માર્ક ધરાવતા માલસામાન માટે ઉપરોકત દર્શાવેલ પધ્ધતિ અનુસાર ગણતરી કરી ૫ ટકા ભાવ પસંદગીનો લાભ કોઇપણ જાતની સમય મર્યાદા સિવાય મળવાપાત્ર રહેશે.

પરંતુ જે કિસ્સામાં જે તે કાયદા કે નિયમો અન્વયે આવો માર્ક મેળવવાનું ફરજીયાત હોય તેવા કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહીં. તેમજ ઉપર મુજબની ભાવ પસંદગી ગણતાં કોઇપણ કિસ્સામાં ૧૫ ટકા કરતાં વધુ ભાવપસંદગી મળવાપાત્ર રહેશે નહી.

ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સર્વે વિભાગો / ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ/ બોર્ડ-કોર્પોરેશનને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના

(બી.એસ.મહેતા)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- ઉધોગ કમિશ્નરશ્રી, અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- નાયબ ઉધોગ કમિશ્નરશ્રી (સ.ખ.) ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગભવન, ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામક હિસાબ અને તિજોરી ગાંધીનગર-
- એકાઉન્ટન્ટ જનરલ (૨( ઓડિટ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.ગાંધીનગર/
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.ગાંધીનગર/
- સચિવાલયના સર્વે વિભાગો. - સર્વે ખાતાના વડાઓ - તાબાની કચેરીઓને નિગમોને/બોર્ડ/
જાણ કરવાની વિનંતી સહ..
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.કોમ્પ્યુટર સેલ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ

ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ખાતાના વડા/બોર્ડ/નિગમો/સંસ્થાઓ